રોજમદારોના પગાર ધોરણોની
સુધારણા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંક : ડીઆરઇ-૨૧૦૮-૭૧૭-(૫ક)-ભાગ.૧-ગર
સચિવાલય, ગાંધીનગર
તા.૨૪-૦૮-૨૦૦૯

વંચાણે લીધા :-

(૧) મા.મ.વિભાગનો તા.૧૭-૧૦-૧૯૮૮ નો ઠરાવ ક્ર.ડબલ્યુસીઇ-૧૫૮૮-૫-૧-ગર
(૨) મા.મ.વિભાગનો તા.૧૭-૧૦-૧૯૮૮ નો ઠરાવ ક્ર.ડબલ્યુસીઇ-૧૫૮૮-૫-૨-ગર
(૩) મા.મ.વિભાગનો તા.૧૭-૧૦-૧૯૮૮ નો ઠરાવ ક્ર.ડબલ્યુસીઇ-૧૫૮૮-૫-૩-ગર
(૪) મા.મ.વિભાગ નો તા.૧૮-૮-૧૯૯૯ નો ઠરાવ ક્ર.ડીઆરઇ-૨૧૯૮-૨૮૨-ગર
(૫) નાણા વિભાગ નો તા. ૧૨-૨-૨૦૦૯ નો ઠરાવ ક્ર. પગર-૧૦૦૯-૧-પગારએકમ (મ)

ઠરાવ

ઉપર આમુખમાં દર્શાવેલ તા.૧૭-૧૦-૮૮ ના સરકારશ્રીના હુકમો થી રોજમદારો ને નોકરીની નિયત સેવાનો સમયગાળો ધ્યાને લઇને પગાર ધોરણો આપવામાં આવે છે. નાણાં વિભાગના તા. ૧૨-૨-૨૦૦૯ ના ઠરાવ ક્ર. પગર-૧૦૦૯-૧-પગારએકમ (મ) થી રાજ્ય સરકારના કર્મચારીઓને નવા પગારધોરણોનો લાભ આપવા હુકમો થતાં વિવિધ મંડળો તરફથી રોજમદારોને પણ નવા પગારધોરણોનો લાભ આપવા માટે સરકારશ્રીમાં રજૂઆતો થઇ હતી. આ અનુસંધાને રોજમદારો બાબતે સરકારશ્રીએ અવલોકન કરતાં રોજમદારો સરકારી કર્મચારી નથી અને સરકારી કર્મચારીને મળતાં લાભો/સવલતો માટે પણ તેઓ પાત્રતા ધરાવતા નથી. પરંતુ રોજમદારોના ૧૯૯૮માં પગારધોરણ સુધારવામાં આવેલ હતાં આ પગારસુધારણાને દસ વર્ષથી વધુ સમય થયેલ છે અને દસ વરસમાં વધેલ લઘુતમ વેતન અને મોંઘવારીના અનુસંધાને રોજમદારોને પણ લાભ મળવો જોઇએ તે પ્રમાણે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી, આ અંગે પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ નિર્ણય કરેલ છે કે રોજમદાર મજૂરો અને રોજમદાર કારીગરોને પણ ઉપર આમુખમાં દર્શાવેલ મા.મ.વિભાગના હુકમો થી નક્કી થયેલ નીતિ અન્વયે તા.૧૮-૮-૧૯૯૯ના ઠરાવ મુજબ પાંચમા પગાર પંચમાં બે પગારધોરણ સ્કેલ ટુ સ્કેલ ના ધોરણે આપવામાં

આવેલ છે તેમાં નીચે ટેબલ માં દર્શાવ્યા મુજબ સ્કેલ ટુ સ્કેલના ધોરણે સુધારેલ પગાર માળખામાં પે બેન્ડ અને ગ્રેડ પે નીચેની શરતો એ મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | પાંચમાપગારપંચ (આર.ઓ.પી-૧૯૯૮) મુજબનું પગારધોરણ | છઠ્ઠા પગારપંચ મુજબ (આરઓપી-૨૦૦૯) પગાર માળખું | | |
|---|---|---|---|---|
| | | પે બેન્ડ કોડ | પે બેન્ડ | ગ્રેડ પે |
| ૧ | ૨૫૫૦-૩૨૦૦ | ૧ એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ |
| ૨ | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ |

<u>શરતો</u>

(૧) રોજમદારોને આ પગાર સુધારણાનો લાભ તા.૧-૧-૨૦૦૬થી આપવાનો રહેશે. જ્યારે તેમને મળવાપાત્ર ભથ્થાંઓની સુધારણા તા.૧-૪-૨૦૦૯ થી કરવાની રહેશે.

(૨) તા.૧-૧-૨૦૦૬ થી તા.૩૧-૩-૨૦૦૯ સુધીના પગારના તફાવતની રકમ દર વર્ષે ૨૦ % પ્રમાણે પાંચ સરખા વાર્ષિક હપ્તામાં રોજમદારના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવાની રહેશે. જમા થયેલ દરેક હપ્તાની રકમ જમા થયાની તારીખથી પાંચ વર્ષ સુધી ઉપાડી શકાશે નહીં.

(૩) તા.૧-૪-૨૦૦૯ થી મળવાપાત્ર તફાવતની રકમ રોકડમાં ચુકવવાની રહેશે.

(૪) અવસાન/બરતરફીના કિસ્સામાં તફાવતની રકમ રોકડમાં ચૂકવવાની રહેશે.

(૫) રોજમદારની નિવૃત્તિના કિસ્સામાં તફાવતની રકમ પાંચ હપ્તામાં રોજમદારના પેન્શન ખાતામાં જમા કરાવવાની રહેશે.

(૬) રોજમદારો સરકારી કર્મચારી ન હોઇ સરકારી કર્મચારીઓને લાગુ પડતા ગુજરાત રાજ્ય સેવા ( પગાર સુધારણા ) નિયમો, ૨૦૦૯ની જોગવાઇઓ રોજમદારોને લાગુ પડતી નથી. આ લાભ તેમને સહાનુભૂતિ થી આપવામાં આવતો હોઇ સરકારી કર્મચારીને મળવાપાત્ર અન્ય લાભો માટે માંગણી/હક્કદાવો કરી શકશે નહીં.

(૭) સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પધ્ધતિ હેઠળના પગાર બાંધણી મોડ્યુલમાં રોજમદારોની સુધારેલ પગાર માળખામાં ઓન લાઇન પગાર બાંધણી અને પગાર બાંધણી ની ઓન લાઇન ચકાસણી કરવાની રહેશે.

(૮) પગાર બાંધણીની ઓન લાઇન ચકાસણી થયા બાદ તફાવતની રકમ રોજમદારના સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં જમા કરાવવાની રહેશે.

(૯) આ પગાર સુધારણાને અનુલક્ષીને નિયમોનુસાર કરવાપાત્ર સા.ભ.નિ ફાળાની રકમ તથા આવકવેરાની કપાત, જો કરવાની થતી હોય તો, કરવાની રહેશે.

(૧૦) પગાર ધોરણોના સ્વીકાર અંગે રોજમદાર નિયમોનુસાર નિયત નમૂના ફોર્મમાં વિકલ્પ આપી શકશે.

(૧૧) આ પગાર સુધારણાને કારણે, રોજમદારને ચુકવાયેલ વધારાની રકમ અથવા જો કોઇ

કારણસર રકમ પરત કરવા પાત્ર થાય તો તે રકમ પરત કરવા અંગેની બાંહેધરી મેળવવાની રહેશે.

(૧૨) આ સૂચનાઓના અર્થઘટન અંગે પ્રશ્ન ઉપસ્થિત થતા નાણાવિભાગ નો પરામર્શ કરવાનો રહેશે.

(૧૩) તા.૧૭-૧૦-૮૮ પહેલાં રેગ્યુલર ભરતી પામેલા અને ઉપર દર્શાવ્યા પ્રમાણે પાંચમા પગાર ધોરણ મુજબ પગાર ધોરણ મેળવતા રોજમદારોને જ ઉપર દર્શાવ્યા પ્રમાણે સ્કેલ ટુ સ્કેલ છઠ્ઠા પગાર ધોરણ મુજબનો લાભ મળશે.

રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો જેવા કે માર્ગ અને મકાન વિભાગ, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ વિભાગ અને ગ્રામ વિકાસ વિભાગ, કૃષિ અને સહકાર વિભાગ અને અન્ય વિભાગો હેઠળ ફરજ બજાવતા રોજમદાર મજૂરો અને રોજમદાર કારીગરોને પણ ઉપર સૂચવ્યા મુજબ પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે.

૨. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની અગ્રસાચિવશ્રી, નાણાં વિભાગની તા.૨૧-૦૮-૨૦૦૯ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભરત ત્રિવેદી)
નાયબ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

* માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજ્યભવન, ગાંધીનગર
* માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી, માર્ગ અને મકાનના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
* માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
* સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો.
- એકાઉન્ટન્ટ જનરલ-૧, (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ-૨, (એ. એન્ડ ઇ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ,/ સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.

- મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ (પંચાયત સહિત),
- સર્વે કલેક્ટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- નિયામકશ્રી, ઉપવન અને બગીચા, નિર્માણ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર
-ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, રેસકોર્સ, વડોદરા
- એકાઉન્ટન્ટ જનરલ -૧ (ઓડિટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ
-હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
-પેન્શન અને પ્રોવિડન્ટ નિયામકશ્રીની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પેન્શન ચૂકવણા અધિકારી, અમદાવાદ.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીઓ.
-પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, સ.સ.ન.નિ.લિ. ગાંધીનગર/વડોદરા.
- નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
-સર્વે માન્ય મંડળો